ઊસ્તાદ અને શાગીર્દ.

રાહેનજાતના ગ્રાહકોને ૨૪ મી ભેટ.

આ કીતાબ જેડીયાબંદર (હાલ બેસાઈર નાતાલ) વાળા શેઠ સુગરજીભાઈ અબજી તરફથી તેઓના મરહુમ પીતાજી અબજીભાઈ ડુંગરભાઈની રૂહના સવાબ માટે રાહેનજાત-ના ગ્રાહકોને ભેટ અને બીજાઓ માટે વકફ છે.

તાલીફ કરનાર

હાજી ગુલામઅલી હાજી ઈસમાઈલ.

અધિપતી "રાહેનજાત" અને "નુરેઈમાન" તફસીર, તોહફતુ રસાએમીન, મેઆરાજુસ્સઆદત, મદરેસુતીર વ૦ વી૦

૭૫ કીતાબોના કર્તા.

અમદાવાદ—પાંચપટ્ટી.

તા૦ ૧ લી રબીઉલઆખર સન ૧૩૨૩ હીજરી પ્રત ૧૦૦૦

હસનઅશરી પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

તોહફતુ સ્સાએમીન.

જેની લંબાણુથી જાહેર ખબર વેંહચી ચુકયા છીએ, એની ખુબી એજ છે કે આ બાર વરસમાં જેટલી કીતાબો કાઢી તેટલી ધીમે ધીમે ખપી, પણ આતો એવી પ્યારી અને ઉપયોગી થઈ પડી કે તે બાહેર પડતાંજ અરધી નકલો એક મહીનામાં ખપી ગઈ અને તેની તારીફના કેટલાક સાહેબોના કાગળો પણ આવ્યા જેમકે અશરફુલ હાજ જનાબ હાજી નુરમોહમ્મદ સાહેબ ઘણીજ તાઅરીફ લખીને લખે છે કે બીરાદરોને બહુજ પસંદ આવી છે

આ કીતાબ હમેશા અને ખાસ કરીને માહે રમઝાનમાં બહુજ ઉપયોગી છે તેમાં ૩૦ દીવસની જુદી જુદી હમેશાની ૩૦ વાએઝ, હીકાયતો, નસીહતો, લતીફા, રોઝાનો સવાબ, તેના મસાંએલ, દરેક તારીખના રોઝાનો જુદો જુદો સવાબ, હમેશાની દોઆ, નમાઝ, જે જે તારીખે જે માઅસુમની વીલાદત કે શહાદત છે કે તે તથા બીજા નનાવ રોઝો ખોલવાની સહેરીની નમાઝ પછીની દોઆ, શબેકદરોની ફઝીલત તેના અઅમાલ, ઝીયારત દોઆએ જવશને કબીર મોટા હરફમાં ગુજરાતીમાં તરજુમા સાથે, ઇદની નમાઝ ઇદના ગુસલની દોઆ વી૦ વી૦ થી ભરપુર ઉચા કાગળ 300 પેજની છે. કીંમત રૂ ૨) પોસ્ટેજ ૦)॥ આફ્રીકાનો રૂ૦।= બહુજ ભારે કાગળ અને તદન ચામડાના પુઠાની પાંચ જાતની રંગીન સાઇની રૂ૫) પોસ્ટેજ રૂ૦। આફ્રીકાનો રૂ ૦॥

બિસમિલ્લાહિર રહેમાનિર રહિમ.

ઉસ્તાદ અને શાગીર્દ.

ખુદાવંદે કરીમની બેહદ તાઆરીફ અને તેના ખાસ બંદાઓ જે માઅસુમ છે તેઓ ઉપર બેશુમાર દુરૂદો સલામની બાદ આ ખાકસાર ગુનેહગાર **હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ** અરજ કરે છે કે આ નાની એવી કીતાબ બચ્ચાંઓને દીન ઇસલામની કેળવણી માટે ઉસ્તાદ અને શાગીર્દ વચ્ચે સવાલ જવાબ થયા હોય એવી રીતે ગોઠવીને લખી છે. અને આ કીતાબની ૧૦૦૦ નકલ જોડીયા બંદર (હાલ બેલાઇર નાતાલ) વાળા શેઠ મુરજીભાઇ આબજીભાઇએ પોતાના મરહુમ પીતા આબજીભાઇ ડુંગરભાઇની રૂહની સવાબ માટે રાહેનજાત ના ગ્રાહકોને ભેટ અને બીજાઓ માટે વકફ કરી છે ખુદાએતઆલા જઝાએ ખૈર અતા ફરમાવે.

ઊસ્તાદ અને શાગીર્દના સવાલ જવાબ.

એક મોઅમીને પોતાના છોકરાને ઉસ્તાદ પાસે ઇલ્મેદીન સીખવા માટે મોકલ્યો, છોકરો જરા મોટી ઉમરનો હોવાથી ઉસ્તાદને પુછે છે—

શાગીર્દ—ઊસ્તાદ સાહેબ તમે મને શું શીખવશો ?

ઊસ્તાદ—બેટા હું તને ઇલ્મેદીન શીખવીશ, અને દીન ઇસલામથી વાકેફ કરીશ.

શા૦-ઊસ્તાદ સાહેબ ઇલ્મેદીન અને દીન ઇસલામ શું ચીજ છે?

ઊ૦-અરે બેટા હજુ તું એટલું પણ જાણતો નથી ! અરે ખુદાએ આપણને કાંઈ નકામા રખડવા અને મોજ મજાહ કરવા અને બુરી ઇસ્ટાકીન પેહરીને ફરવા પૈદા કર્યા નથી, બલકે તેણે પોતાના હુકમની તાબેદારી કરવા માટે પૈદા કર્યા છે, અને તેના હુકમ પ્રમાણે ચાલવું તેજ દીન ઇસલામ છે.

શા૦-તેતો ઠીક; પણ ખુદા તે શું ? તે વળી કોણ છે ?

ઊ૦ બેટા ખુદા તે આપણને પેદા કરનાર છે અને તેણેજ તમામ દુનીયાને પેદા કરી છે, તો જાણ કે સરવે ચીજનો પેદા કરનાર તેને ખુદા કહીએ છીએ.

શા૦ જયારે સરવેને પેદા કરનારને ખુદા કહીએ છીએ તો દુનીયામાં મુસલમાન હીંદુ અને હીંદુમાં પણ વાણીયા બ્રાહ્મણ ઢેડ વીગેરે ઘણી કોમના માણસો છે, તો સરવેનો પેદા કરનાર એકજ હશે?

ઊ૦ બેટા તમામ જહાનના જાનાવરો પંખીયો સરવેનો પેદા કરનાર તે એકજ ખુદા છે.

શા.૦-ખુદા એકજ છે તે કેમ ખબર પડે તેની શું સાબેતી ?

ઊ૦–દુનીયામાં હજારો બાદશાહ થઈ ગયા અને થાય છે, પણ દરેક ઠેકાણે આપસમાં લડાઇ ઝગડો થયા કરે છે અને એક બીજા લડાઇ કરીને એક બીજાનું રાજ્ય લઇ લે છે અને જ્યારે રાજ લઈ લેછે તો તે ઠેકાણે પોતાનો હુકમ ચલાવેછે અને ઘણો ફેરફાર કરે છે, તો જો! અને પીચારીને દરયાફ્ત કર કે આ જમીન આસમાન સુરજ ચદ્ર પૈદા થયા તે વખતથી કાઇ ફેરફાર થયો છે? ના, નથી થયો. અને એકજ ધારા મુજબ સવાર થવી રાત થવી વગેરે થયા કરે છે તો માઅલુમ પડે છે કે આ દુનીયાનો માલીક એકજછે તેથી બરાબર ચાલ્યા કરે છે.

શા૦–તે એક ખુદા શું હમેશાં જીવતો રહેતો હશે? તે મરતો નહીં હોય?

ઊ૦–અએ બેટા ખુદાને મોત ન હોય તે કાયમ અને દાયમજ હોય, જો કે દુન્યાના બાદશાહ મરી જાય અને બીજો ગાદીએ બેસે તો તે આગળની ચીજોમાં વધારો ઘટાડો અને ઘણો ફેરફાર કરી નાંખે છે, તો આ દુન્યા પેદા થયાને ઘણા વરસોના વરસ થયા પણ હજી સુધી કોઇ ચીજમાં ફેરફાર થયો નથી સુરજ ત્યાંનો ત્યાંજ ઉગે છે, ચંદ્ર એમજ વધ ઘટ થયા કરે છે, આસમાન જમીન એમજ કાયમ છે, તો તેથી માલુમ થયું કે તેનો માલીક મરતો નથી.

શા૦–લોકો કહે કે ખુદા મરે છે અને ખુદા ઘણા છે શું એ વાત ખરી નથી?

ઊ૦–બેટા જો અક્કલ કહે છે કે આ દુન્યાનો બનાવનાર કોઇ હોવો જ જોઇએજ વગર બનાવે એક લેખણ પણ બનતી નથી. તો આવી મોહટી દુનીઆ તે કેમ બને? ના ન બને! તો હવે તેને બનાવનાર ઓછામાં ઓછો એક તો હોયજ તેમાં કોઈ ના પાડી શકે

નહીં, તો ખુદા એક છે તે સાબીત થયું, હવે એકથી વધારે કેહવા-વાળો દલીલ દાખલાથી સાબીત કરી આપે કે ફલાણે ફલાણે ઠેકાણે ફલાણો ફલાણો ખુદા છે. તો તે ત્યાંથીજ પકડાઇ જશે અને સાબીત નહીં કરી શકે, તેમજ ખુદા છે તે ખાત્રી થઈ, હવે જે ચીજ હોય તે જ્યાં સુધી નાબુદ થવાની ખાત્રી ન થાય ત્યાં સુધી નથી એમ ન કહેવાય. જેમકે એક શખસ કોઇ મુલકમાં ગયો હવે ઘણી મુદત પછી ખબર નથી કે તેનું શું થયું, પણ આપણે તેને મરી ગયો છે એમ નહી કહીએ; તો જે કહે કે ખુદા મરે છે તો તે સાબીત કરી આપે કે ફલાણો ખુદા ફલાણે વરસે મરી ગયો.

અરે બેટા આની અંદર તો એક બીજી બાબત ધ્યાનમાં આવી કે કોઇ ચીજ બનાવવા વગર ન બને; તો તેમજ કોઇ ચીજને ભાં-ગના સિવાય ભાંગે પણ નહીં, તેમજ કોઇના મારવા સીવાય કોઇ મરે પણ નહીં તો ખુદાને કોણ મારનાર છે ? અગર ખુદાને કોઈ મારનાર હોય તો તે મારનાર ખુદા ઠર્યો, અને જે સર્વેને મારનાર હોય અને તેને કોઇ મારી ન શકે તેજ ખુદા છે.

શા૦—કોઈ એમ કહે કે ખુદાને મારનાર બીજો ખુદા છે અને એમ ખુદા થતા આવે છે તો શું જવાબ આપવો ?

ઊ૦—ઓહો એનો જવાબ તો આસાન છે કે તેને પુછીએ કે ભાઇ ખુદા તો એકની બાદ એક થતા આવે છે તો કહો કે ખુદા દસ, વીસ, હજાર, લાખ, કરોડ, તમો કહો તેટલા થયા, પણ આખર કાંઇ છેડો હશે કે નહીં તો તે શું કેહશે ! કાંઇ નહીં કહે અને આખર કેહશે હા ભાઇ સરવેનો ઉપરી પહેલો એકનો હમેશાથી દાયમ હરીગજ. તો તે વખતે ઝડપ કરીને પકડી લઇશું કે ઠીક જે આપણો

મતલબ છે તેજ સાબીત થશે. કે જે સર્વેનો ઉપરી કાયમ અને દાયમ છે તેજ ખુદા છે.

શા૦—આપણોજ મઝહબ હક હશે કે સર્વેના મઝહબ હક હશે?

ઊ૦ બેટા દીને મોહમ્મદી સ૦ બરહક છે તે શીવાય બીજા મઝહબ હક નથી

શા૦—એ કેમ સાબીત થાય ?

ઊ૦—જો બેટા કુરઆન ખુદાએ મોકલેલ છે અને પોતે ફરમાવ્યું છે કે અગર કોઇને આની અંદર શક હોય તો એના જેવો એક સુરો બનાવીને લાવે, મોહટા મોહટા આલીમો અરબની અંદર થઇ ગયા અગરચે તેઓ કુરઆનને બેહુદુ ગણતા પણ કોઇ તેના જેવો એક સુરો બનાવી શકયો નહીં. સુરો તો શું પણ એક આયત પણ બનાવી શકયો નહીં, તો તેઓ જે દુશમન લોક હતા અગર બની શકતે તો શું રદ ન કરતે ? ઇંગરેજો પોતાનો મઝહબ ફેલાવા અને ઇસલામ વી૦ ને બતીલ ઠેરાવા કરોડો રૂપીઆનો ખરચ કરે છે, અને ઘણી કોશીશ અને મેહનત કરે છે, કુરઆને શરીફના તરજુમા કરીને ઇંગરેજીમા છપાવ્યા છે, અને જેમ બન્યું તેમ તે હક ન હોવાની ઘણી દલીલો (પગા વગરની) છાપી છે, અને કેટલાક ઇંગરેજો અરબ ફારસી એટલું તો શીખ્યા કે ઇસલામી એક મોલવી તો શું પણ આલીમની બરાબર કરી શકે, પણ એક આયત જેવી પણ બનાવી શકયા નહીં, અને વખતે એમ હોય કે તેઓએ કોઇ આયત કુરઆનને લગતી બનાવી હોય અને ધારો કે ઇસલામી આલીમો હઠધરમીથી કબુલ ન રાખતા હોય તો તેઓ એમ તો છપાવી જાહેર કરતે કે જુવો ફલાણી આયત અમોએ કુરઆનને મળતી બનાવી અને બરાબર એવીજ છે, પણ ઇસલામી આલીમ.

માનતા નથી, એમ પણ થયું નથી, તો સાબીત થયું કે તેઓ એ બાબતમાં પહેલાના મુશરીક અરબોની જેમ હારી ગયા, ઇનસાનના કલામ હોય તો રદ કરી શકે પણ ખુદાના કલામનો તે રદ થાય ? અરે તેરસો વરસ થઇ ગયાં પણ આ દાઆવાને રદ કરે તેવું કોઇ નીકળ્યું નથી તેથી સાબીત છે કે કુરઆન હક અને ખાસ ખુદા તરફથી આવેલ છે.

શા૦-મોહમ્મદ તે કોણ છે ?

ઉ૦-તે ખુદાના રસુલ છે એટલે ખુદા તરફથી દુન્યાને હીદાયત કરનાર અને ખુદાનો હુકમ પહોંચાડનાર છે.

શા૦- મોહમ્મદ બરહક છે તેની શુ સાબેતી ?

ઉ૦-એક સાબીતી અકલથી કહું છું કે કોઇ ઇનસાફી શખસ ઇનકાર કરી શકેજ નહી બેટા જો અને તપાસ કે દુનીઆમાં જેટલા લોક છે તે તમામ આપ સ્વાર્થી છે, પરસ્વાર્થી હશે તો તે પણ પોતાનો મતલબ પાર પાડીને પછી બીજાનું ભલુ કરતા હશે, અને મોહટો સ્વાર્થ એ છે કે પોતાને સુખમાં રાખવો ખાવુ પીવું અને અએશ આરામ કરવો અને નાણું મેળવવું, તો આપણી કીતાબોમાં જે હાલ છે તે એક તરફ પણ તવારીખોમાં ઇંગરેજ વીગેરે જે લખી ગયા છે તેથી પણ સાબીત છે કે હઝરત મોહમ્મદ સ૦ કેઇ વખત પૈસો ભેગો કર્યો નથી, લાલચુ નહતા, અને દીનના કામ માટે તકલીફો ઉઠાવતા હતા, તો જે શખસ પૈસો ભેગો ન કરે અને પૈસા આવે તે ગરીબોને આપી દીએ હમેશા ખુદાની ઈબાદત કરે અને દીન માટે ભુખ્યા રહે ફાકા કરે; અરે લોકોની ગાળો ખાય લોકો અપમાન કરે તે સહન કરે, તો જો તે બરહક ન હોય અને ઢોગી અથવા મતલબી મકકાર હોય તો એવી બાબતોમાં તેને શું અને કઇ ચીજ

નો ફાયદો મળ્યો ? ના, કાંઇ નહીં તો સાબીત થયું કે બરહક હતા,

શા૦-અવતાર છે કે નહીં ? જેમકે લોક કહે છે કે અવતાર થાય છે.

ઊ૦-અવતાર નથી ફકત એકજ વખત જન્મવું અને એકજ વખત મરવાનું છે, હા, બારમા ઇમામ જાહેર થશે તે વખતે કેટલાક માણસો જીવતા થશે અને મરશે અને કયામતને દીવસે સરવેને જીવતા કરશે,

શા૦-અવતાર નથી એ કેમ સાબીત થાય.

ઊ૦-અવતાર નથી તે ઉપરની દલીલો મુજબ કે ઇનસાન જન્મ પામે અને મરે છે તે તો જાહેર છે, અને સરવે કબુલ કરે છે, હવે જે અવતાર છે એમ કહેતા હોય તેતો તેને સાબીત કરવાનું છે, અને વળી આપણા પયગમ્બરના ફરમાનથી સાબીત છે કે અવતાર નથી.

શા૦-આપણને લોકો ઘણા સવાલ કરે છે જેમકે તમો ગોશ્ત કેમ ખાઓ છો? હીદુના ઘરની ભીની ચીજ કેમ ખાતા નથી ? મોહરમમાં માતમ કેમ કરો છો ? વીગરે તો તે સરવેનો જવાબ શું આપવો ?

ઊ૦-તે સરવેના જવાબ છે અને એક એક બાબતનો જવાબ આપીએ તો ઘણું લંબાણ થાય, વળી જવાબ આપવાથી તેમાં કાંઈ વળે નહીં, માટે જે કોઇ સવાલ કરે તેને કેહવું કે મુળને પકડો પાંદડાં અને ડાળોમાં કાંઇ વળશે નહીં, એટલે ખુદા રસુલ અને ઇમામ એ બાબતમાં ઝગડો કરીને નક્કી કરો કે તેઓ ખોટા કે સાચા; અગર તેઓ ખુદા રસુલ અને ઈમામની અંદર ઝગડો કરીને જો તેઓને સાચા માને તો બસ છે કે તેઓના હુકમમાં પછી કાંઇ

વાંધો ન હોય અને જે ફરમાવ્યું તે બરહક છે. અને અગર જો તેઓને સાચા ન જાણે તો બીજી બાબતોમાં ઝગડો નકામો છે.

શા૦ હવે મારે શું શું યાદ કરવું અને શું શું શીખવું તે બયાન કરો.

ઊ૦-પહેલે કલમો શીખ અને તેના માયના યાદ કર.

શા.૦-તો હવે કલમો અને તેના માયના બતાવો.

ઊ૦- બરાબર ધ્યાન રાખીને સાંભળજે કેમકે અરબી છે અને અરબીમાં શુદ્ધ ઉચ્ચાર કાઢવો જોઈએ કલેમો—"લાએલાહ ઈલ્લ-લ્લાહ મોહંમ્મદુર રસુલુલ્લા અલીયુન વલીયુલ્લાહ વસીયેો રસુલીલ્લાહ" કલમાના માયના "લા એલાહા ઈલલલ્લાહ" યાને ઈબાદતની લાયક ખુદા શીવાય બીજુ કોઈ નથી "મોહંમ્મદુર રસુલલ્લાહ" યાને હજરતે મોહમ્મદે મુસ્તફા સ૦ ખુદાના રસુલ છે "અલીયુન વલીયુલ્લાહ" યાને હજરતે અલી અ૦ ખુદાના વલી છે "વસીયેો રસુલિલલાહ" યાને પયગમ્બરના વસી બરહક છે.

શા૦-વલી અને વસી એટલે શું ?

ઊ૦-વલી એટલે દોસ્ત અને વસી એટલે નાએબ જે એકની બાદ બીજો તેની જગ્યોએ આવે અને મરનારને નેમી જાય તે.

શા૦--તે વસી કેણ અને કેટલા છે ?

ઊ૦-ઉસુલેદીનની અંદર તે બયાન આવશે.

શા૦-ઉસુલેદીન તે શું ?

ઊ૦-ઉસુલેદીન એટલે દીનના મુળ, જેમ કોઈ ઝાડ હોય અને તેના મુળ હોય કે તે થકી ઝાડ ઉભું રહે છે. અને જો મુળ ખરાબ થઈ જાય તો ઝાડ નકામું થઈ જાય છે તેમજ જો ઉસુલેદીન ઉપર યકીન ન હોય તો દીન ઈસલામમાં ખરાબી આવે છે.

શા૦—તે ઉસુલેદીન કયા કયા છે તે કહો.

ઊ૦—ઉસુલેદીન પાંચ છે **૧-તૌહીદ. ૨-અદલ. ૩-નબુવ્વત. ૪-ઇમામત. ૫-કયામત.**

શા૦—એનાંતો કાંઇ સમજ પડી નહી, માટે એક એકના માઇના શીખવો.

ઊ૦—૧-તૌહીદ-યાને ખુદા એક છે તેનો કોઇ શરીક (ભાગીઓ) નથી ૨-અદલ યાને ખુદા ઇનસાફ કરવાવાળો છે તે ઝાલીમ નથી જે જેવું કરશે તેવું પામશે જે સારાં કામ કરશે તેને જન્નત આપશે, અને જે ખરાબ કામ કરશે તેને જહન્નમમાં નાંખશે. ૩-નબુવ્વત-યાને આપણા પયગમ્બર હઝરતે મોહમ્મદે મુસતફા સ૦ અને તેઓની પહેલા જેટલા પયગમ્બરો થયા તે સર્વે બરહક છે, ૪—ઇમામત—યાને રસુલે ખુદા મોહમ્મદ મુસ્તફા સ૦ ની બાદ બાર ઇમામ બરહક છે. ૫—કયામત—યાને જે દીવસ ખુદાને મનઝુર છે તે દીવસે તમામ ખલકને ફના કરીને વળી ઝીંદગાની કરશે, અને તમામનો હીસાબ લઇ સારા નરસા કામોનો બદલો આપશે.

શા૦—તમામ પયગમ્બરો કેટલા થયા છે ?

ઊ૦—મશહુર છે કે એક લાખ અને ચોવીસ હજાર થયા છે, અને કેટલીક રીવાયતમાં એક લાખ અને એંસી હજાર થયા એમ પણ છે.

શા૦—તે સર્વે પયગમ્બરો એકનીબાદ એક થયા કે શી રીતે?

ઊ૦—એક એક વખતમા ઘણા ઘણા પયગમ્બરો થયા છે એક એક ગામમાં એક એક પયગમ્બર હતા, કેટલાક પયગમ્બરો આખી દુનીઆમાં એક એક થયા છે વી૦

શા૦—સરવેથી પહેલા કયા પયગમબર થયા ?

ઊ૦—સરવેથી પહેલા હઝરતે આદમ અ૦ થયા છે.

શા૦—હઝરતે આદમની પહેલા કોણ હતુ ?

ઊ૦—હઝરતે આદમ અ૦થીજ ઇનસાન પૈદા થયા છે.

શા૦—એ કેવી રીતે ?

ઊ૦—ખુદાએ જન્નતમાં હઝરત આદમ અ૦ અને તેમની બીબી જનાબે હવ્વાને બનાવ્યા અને પોતાની મસલેહત વીગેરેથી તેઓને દુનીઆમાં મોકલ્યા અને તેઓથી આબાદ થઇ અને વધતી ગઇ.

શા૦—એ બયાન તો બહુજ સારૂ લાગે છે માટે મારે તે તમામ બાબતો હ૦ આદમ કેવી રીતે બન્યા અને જન્નતમાંથી કેમ બાહેર આવ્યા તે તમામ સભળાવોને ?

ઊ૦—બેટા તે બયાન ઘણું લાંબુ અને મોટું છે માટે જો તારે એ બયાન અને રસુલે ખુદાસ૦ જનાબે ફાતમએ ઝહરા અને બાર ઇમામનો અહવાલ જાણવો હોય તો હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલે "દુરરેબેબહા" નામની ગુજરાતી કીતાબ છપાવી છે તે રૂ૧ ની લઇને વાંચી જોજે.

શા૦—એતો સવા રૂપીઓ તો વધારે કહેવાય ?

ઊ૦—અરે બચ્ચા તેમાં ૧૫૦ પેજ છે, વળી સારા જાડા ઉંચા કાગળ અને છીંટના પાકા પુંઠા સાથે છે; એટલુજ નહીં પણ તેને તૈયાર કરવા માટે કેટલી મેહનત પડી તે જાણવું જોઇએ કે જુદી જુદી ફારસી ઉરદુ પાંચ છ કીતાબો ભેગી કરી તેમાથી ઇન્તેખાબ કરી લખી છે.

શા૦—ઠીક પછી મંગાવીશ, હવે મને બાર ઇમામનાં નામ બતાવો.

ઊ૦—૧—ઇમામ હઝરતે અલી અ૦ ૨—ઇમામ હસન અ૦ ૩—ઇમામ હુસએન અ૦ ૪—ઇમામ ઝયનુલ આબેદીન અ૦ ૫—ઇમામ મોહમ્મદ બાકર અ૦ ૬—ઇમામ જાઅફરે સાદીક અ૦ ૭—ઇમામ મુસાએ કાઝીમ અ૦ ૮—ઇમામ રઝા અ૦ ૯—ઇમામ મોહમ્મદ તકી અ૦ ૧૦—ઇમામ અલીઉન્નકી અ૦ ૧૧—ઇમામ હસન અસ્કરી અ૦ ૧૨—ઇમામ હઝરતે મહેદી અ૦

શા૦—હું ઘણી વખત સાંભળું છું કે આપણા દીન ભાઇઓ કહે છે કે પંજેતને પાક, દુવાઝદા ઇમામ ચહારદા માઅસુમ; તો તે કોણ કોણ છે?

ઊ૦—જો બેટા હઝરતે મોહમ્મદ મુસ્તફા સ૦ હઝરત અલી અને જનાબે ફાતેમા અને ઇમામ હસન અને હુસએન અ૦ એ પાંચ પંજેતન કહેવાય છે, અને દુવાઝદા ઇમામ એટલે હમણાં નામ બતાવ્યાં તે બાર ઇમામ છે, અને એજ બાર ઇમામ અને હઝરત મોહમ્મદ મુસ્તફા સ૦ અને જનાબે ફાતેમાહ અ૦ મળી ચહારદા માઅસુમ થયા.

શા૦—ચહારદા માઅસુમનો અર્થ શું થાય છે?

ઊ૦—ચહારદા એટલે ચઉદ, અને માઅસુમ એટલે ગુનાહથી પાક.

શા૦—તો તે ચઉદ સાહેબોએ ગુનાહ નહીં કર્યા હશે ?

ઊ૦—બેટા પયગમબર અને ઇમામ અવ્વલ ઉમરથી તે આખર ઉમ્મર સુધી ગુનાહથી પાકજ હોય; તે કોઇ ગુનાહ કરેજ નહીં.

શા૦—નાચ, રંગ, અને ગીત, વીગેરેમાં ગુનાહ છે કે નહીં?

ઊ૦—હા ! અરે બેટા તે ઘણા ખરાબ ગુનાહ છે!!

શા૦—પયગમબર અને ઇમામ જ્યારે પોતાના ફરઝંદોની શાદી કરે તો શું ઢોલ, ગીત, નાચ, રંગ નહીં કરાવતા હશે ?

ઊ૦—અરે બચ્ચા, તે લોક ગુનાહના કામ તો કરતાજ નહતા પણ જે વાહીયાત અને નકામા કામ અને ફાયદા વગરની વાત પણ કરતા નહતા, તો તે નાચ રંગને કેમ કરે ?

શા૦—પંજેતને પાક આપસમાં શું સગા થતા હતા?

ઊ૦—હઝરત રસુલે ખુદા સ૦ અને હઝરતે અલીઅ૦ બંને કાકાના દીકરા ભાઇ થાય, અને જનાબે ફાતેમા અ૦ હઝરતે રસુલે· ખુદા સ૦ ની દીકરી થાય, અને જનાબે ફાતેમા અ૦ ની શાદી હઝરતે અલી અ૦ સાથે ખુદાના હુકમથી કરેલી, અને તેમના પેટ મુબારકથી હસન અને હુસએન પેદા થયા; તો તે બંને ભાઇ થાય અને હઝરત અલી અ૦ ના ફરઝંદ થાય.

શા૦—તો બાર ઇમામ એક બીજાના દીકરા કે શી રીતે?

ઊ૦—હઝરત અલી અ૦ પહેલા ઇમામ છે તેઓની બાદ તેઓના ફરઝંદ ઇમામે હસન અ૦ બીજા ઇમામ છે, અને તેઓની બાદ તેઓના નાના ભાઇ ઇમામે હુસએન અ૦ ત્રીજા ઇમામ છે. અને તેઓની બાદ તેઓના ફરઝંદ-ઇમામે ઝયનુલ આબેદીન અ૦ ચોથા ઇમામ છે પછી એકની બાદ એક તેઓના ફરઝંદો ઇમામછે તે બારમા ઇમામ સુધી.

શા૦—બાર ઇમામ થઇ ગયા પછી હવે કોઇ ઇમામ છે કે નહીં ?

ઊ૦—ઇમામમાં અગીયાર ઇમામ શહીદ થઇ ગયા, અને બારમા ઇમામ ખુદાના હુકમથી ગાએબ થઇ ગયા છે અને મુશ્કીલ પડે ત્યારે મદદ કરે છે.

શા૦—બંદગી કેવી રીતે કરવી અને તે શું છે?

ઊ૦—બંદગીમાં ખાસ કરીને ૬ ચીજ છે ૧-નમાઝ, ૨-રોઝા, ૩—હજ. ૪-ઝકાત. ૫-ખુમ્સ. ૬-જહાદ.

શા૦—નમાઝ કેવી રીતે પડવી

ઊ૦—નમાઝ હમેશા પાંચ વખત પડવાની અને તેની રીત "નુરેહીદાયત" નામની નાની એવી કીતાબમાં છે, અને મફત મળે છે, માટે તેમાં જોઇને યાદ કરજો.

શા૦—નમાઝ ન પડીએ તો કાંઇ હરકત છે?

ઊ૦—અરે બેટા તેમાં બહુજ ગુનાહ છે, ઝીના કરવા કરતાં અને શરાબ પીવા કરતાં પણ નમાઝ ન પડવામાં વધારે ગુનાહ છે,

શા૦—ગુનાહ તે શું ?

ઊ૦—ગુનાહ એટલે નાફરમાની, અને જે ખુદાની નાફરમાની કરે તેને અઝાબ કરશે.

શા૦—જેટલા ગુનાહના કામ કરશે તે સરવેને ખુદા અઝાબ કરશે ?

ઊ૦—અરે બચ્ચા! ખુદા ગફુરર રહીમ મોહટો બક્ષનવાળો છે, તે એવો રહીમ છે કે બંદો ગુનાહના કામ કરીને પરતાએ અને તોબા કરે કે તરત તેના ગુનાહ માફ કરી આપે છે.

શા૦—ઓહો આતો બહુજ મજા કે જ્યારે ગુનાહ કરવાનું મન થાય તો ગુનાહ કરીએ અને પછી તોબા કરીને પસ્તાઇએ તો બસ છે ના ?

ઊ૦—એમ નહીં એતો ખુદાને ઠગવું થયું; તોબા એવી રીતે કરવી કે જે કામથી તોબા કરીએ તે વખતે ફરીને તે કામ કરવાની

નીયત રાખતી નહીં અને ઇરાદો રાખીએ કે કોઇ વખત પણ એવું કામ નહીં કરૂં પછી તોબા કરે તો તે કબુલ છે

શા૦—એજ મુજબ સાચા દીલથી ગુનાહથી તોબા કરીએ, અને ફરીને ભુલાવો ખાઇને એજ ગુનાહ થઇ જાય તો પછી તેની તોબા કબુલ છે કે નહી ?

ઉ૦—હા, એવી રીતે થઇ જાય તો તોબા કબુલ છે.

શા૦—આપણે કોઇનો માલ ચોરીને અથવા દગાથી ખાઇ ગયા અને પછી તોબા કરીએ તો બસ છે કે નહીં ?

ઉ૦—અરે બેટા ! એમ તોબા ન થાય, જેનો માલ ખાધો તેને પાછો આપવો અને માફી ચાહવી પછી તોબા કરીએ તો કબુલ છે, તેમજ કોઇને ગાળો આપી હોય અથવા ઇજા પહોંચાડી હોય તો તેને રાજી કર્યા પછી તોબા કરવો.

શા૦—તમો હીંદુના ઘરની ચીજ કેમ ખાતા નથી અને મને હીંદુની મીઠાઇ અને ભજીઆ ખાવાની શામાટે ના પાડો છો ?

ઉ૦—અરે બેટા જેમ હીંદુ લોકો મુસલમાનના ઘરની ચીજ ખાતા નથી અને તેઓના ધર્મમાં મનાઇ છે, તેમજ બલકે તેથી વધારે આપણા ધર્મમાં પણ મુસલમાન સીવાય બીજાઓના હાથની ભીની ચીજ ખાવી હરામ છે, તેથી હું પરહેઝ કરૂં છું.

શા૦—હીંદુ લોકોના ધર્મમાં મનાઇ છે તો તે સર્વે જણ બરાબર પાળે છે અને મુસલમાનના હાથનું ખાતા પીતા નથી, અને મુસલમાનો તો તમામ જણ હીંદુના ઘરનું ખાય છે, તમારા જેવા થોડાકજ હશે કે ખાતા નહીં હોય તે કેમ ?

ઉ૦—તેમાં હું શું કરૂં ? અરે બેટા આ હીંદુસ્તાનના મુસ-

હમાનોએજ પોતાને હાથે કરીને પોતાને હલકા કરી નાંખ્યા છે કે હીંદુના ઘરની ચીજ ખાય છે પણ અરબસ્તાનમાં બહુજ પરહેઝી કરે છે કે જેની હદ નથી.

શા૦—અરબસ્તાનમાં હીંદુ તો નથી.

ઊ૦—હીદુ માટે કાંઇ ખાસ નથી, મુસલમાન સીવાય, યહુદી, મજુસી, અરમની વીગેરેનો એજ હુકમ છે કે તેઓના હાથનું ખાવું નહીં અને તેઓ ત્યાં ઘણા છે તો તેથી પરહેઝ કરે છે.

શા૦—એતો ઠીક, પણ ઘણી વખત હીંદુ તમારા ભાતાને અડે છે તો તે ખાઓ છો તે કેમ ?

ઊ૦—એમ અડે કાંઇ નજીસ (નાપાક) થતું નથી જ્યારે તેની અંદર હાથ નાંખે અને તેમાં ભીનાસ હોય અથવા તેનો હાથ ભીનો હોય તો તે નજીસ થાય, તે સીવાય પોટકી બાંધી હોય અથવા ડાબલામાં હોય અને અડે તો હરકત નથી.

શા૦—તો પાણી માટે પણ એમજ છે ?

ઊ૦— હા! પાણીની અંદર હાથ નાંખે તો નજીસ થાય પણ પાણીના ઠામને ઉપર અડે તો હરકત નથી.

શા૦—કોઇ હજાર રૂપીઆ ખરચીને ઇમામે હુસેન અ૦ ની મજલીસમાં હીદુના ઘરની મીઠાઇ લાવે અને મોઅમેનોને ખવરાવે તો તેને સવાબ મળશે કે નહીં ?

ઊ૦—હજાર તો શું લાખો રૂપીઆ ખરચે તોપણ સવાબ તો નહીંજ મળે પણ ઉલટા ગુનાહ થાશે.

શા૦—ઓહો હો એમ છે ?

ઊ૦—હા બેટા સવાબ કયારે મળે જયારે ખુદાના હુકમ મુ-

જબ કામ કરે. અને તેથી ઉલટુ કરવામાં ગુનાહ છે, જેમકે ઓહરની નમાઝ ચાર રકાતને બદલે પંચ રકાત પડીએ તો સવાબને બદલે ગુનાહ છે, તો ગતલબ એકે આપણી મરજીમાં આવે એમ કોઇ કામ ન કરવું; બલકે ખુદાની ખુશીનું અને તેના હુકમ મુજબનું કામ કરવું તેજ ફાયદા કારક છે.

શા૦—તમોએ થોડીવાર પેહલા કહ્યું કે હઝરત અલી અ૦ની શાદી ખુદાના હુકમથી જનાબે ફાતેમાહ અ૦ સાથે થઇ તો ચાહું છું કે તે હકીકત સાંભળુ કેમકે ખુદાના હુકમથી જે શાદી થઇ હોય તે કેવી રીતે થઇ હશે.

ઊ૦—તે બયાન તો ઘણું લાંબુ અને બહુજ સરસ અને જાણવા જેવું છે માટે "રાહેનજાત" નામનું ચોપાન્યું હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ ૧૩ વરસથી દર મહીને કાઢે છે તેની પેહલી કીતાબમાં ત્રણ હીસ્સામાં થોડુ થોડુ લખીને પુરૂં કર્યું છે માટે તે વાંચી જોજે કે ખુદા તરફથી તે શાદી ઘણીજ ઉમદા ધામધુમથી થએલ છે, એ સીવાય ઘણા નસીહત ભરેલા કીસ્સા અને ઉમદા ઉમદા મોઅજીઝા વીગેરે બાબતો રાહેનજાતમાં છપાયછે માટે પેહલે સરવે ચોપાન્યાં વાચવા ભલામણ કરૂં છું.

શા૦—ઇલમ સીખવામાં શું સવાબ છે ?

ઊ૦—ઇલમ સીખનારને ખુદા ચાહે છે અને દોસ્ત રાખે છે, ઇલમ સીખવા જનારના પગ નીચે ફીરીસ્તા પાંખ બીછાવે છે, ઇલમ સીખવાવાળા માટે સરવે દોઆ કરે છે, એટલુંજ નહીં પણ દરયાની માછલીઓ પણ તેના માટે ઇસતીગફાર (તૌબા) કરે છે.

શા૦—ઇલમ ન સીખે અને ફકત નમાઝ પડયા કરે અને રોઝા રાખ્યા કરે તો બસ નથી.

ઊ૦—ઇલમ શીખ્યા વગર દીન ઇસલામની પુરેપુરી માહીતી અને તેના અહકામની ખબર ન પડે અને તેટલાજ માટે હદીસમાં છે કે હજાર વરસની બંદગી (ઇબાદત) કરતાં એક કલાક ઈલમ સીખવું વધારે સવાબ છે. તેમજ કોઇ શખસ રાતને દીવસ ઇબાદત કર્યા કરે અને એક જણુ ફકત વાજીબ નમાઝ પડીને લોકોને અહકામે ખુદા શીખવે તો તેવા હજાર આબીદ કરતાં વધારે અફઝલ છે અને તેના માટે ઘણી ફઝીલત છે

શા૦—કુરઆન પડવામાં અને પડાવવામાં કેટલો સવાબ છે?

ઊ૦—તેમાં પણ ઘણો સવાબ છે, જેમકે હઝરતે રસુલે ખુદાસ૦ ફરમાવ્યું છે કે કુરઆન પડવાથી ગુનાહ માફ થાય છે દોઝખની આગથી પરદો (છેટેપણું) છે અને અઝાબથી અમાન મળે છે. કુરઆન પડનારને સો શહીદના સવાબ મળે છે, અને દરેક સુરત પડવામાં પયગમબરોનો સવાબ મળે કુરઆન પડવાવાળા ઉપર ખુદાની રહમત નાઝીલ થાય છે મલાએકા તેના માટે ઇસતીગફાર કરે છે અને ખુદા તેનાથી રાજી થાય છે વીગેરે ઘણો સવાબ છે, અને જે કોઇ પોતાના બચ્ચાઓને કુરઆન પડાવે તો તે બચ્ચાના માબાપના માથા ઉપર કયામતને દીવસે એવા તાજ મુકશે કે જેની રોશની દસહજાર વરસને રસ્તે પહોંચશે અને એવા ઉમદા કપડાં પહેરાવશે કે તેની કીમત નહીં થઇ શકશે.

શા૦—કુરઆનના માયના સમજ્યા વીના પોપટની જેમ, પડે તોપણ એટલો સવાબ મળતો હશે ?

ઊ૦—મે મ્હારા ઉસ્તાદ પાસે સાંભળ્યું છે કે કુરઆને શરીફના અર્થ સમજીને પડે અને તેના ઉપર અમલ કરે તેના માટે એટલો સવાબ છે, અને અર્થ ન સમજે તેને પણ કાંઇક સવાબ

મળશે ખરો, અને જે શખસ કુરઆન પડે અને કુરઆનમાં જે ફરમાન હોય તેથી ઉલટો ચાલે વી૦ તેના ઉપર કુરઆન લાઅનત કરે છે.

શા૦–કુરઆનનો તરજુમો અને તફસીર જો ગુજરાતીમાં હોય, તો જે મોટી ઉમ્મરના ઉરદુ ફારસી જાણતા નથી તેઓને ઘણો ફેઝ પહોંચે. માટે આપ મેહનત લીઓ અને એ મ્હા મ્હોટું કામ માથે ઉપાડી એ ખોટ પુરી પાડો તો દીન અને દુન્યામાં આપને ઘણો બદલો મળશે, અને ઈન્શાઅલ્લાહ કયામત સુધી નામ બાકી રેહશે, અને હજારો નકલો ખપશે, અને ચારે તરફ દીન ઇસલામનો ડંકો વાગશે, અને હીદાયત થાશે, અને જ્યારે કોઇ કુરઆન પડે છે ત્યારે હીંદુ લોકો કહે છે આ તમો શું પડો છો? પડનાર કહે છે અમારા ખુદાનું ફરમાન "કુરઆન" પડીએ છીએ, તેઓ કહે છે અમોને તેના અર્થ તો કહો? તો કહે છે તેતો અમે જાણતા નથી, તે વખતે તેઓ કહે છે તો પોપટની જેમ પડવામાં શું ફાયદો? તેના જવાબમાં કહે છે અમોને સવાબ થાય છે, તેઓ કહે છે, સવાબ હશે, પણ તમો જે પઢો તેના અર્થ ન સમજો તો તમોને તેમાં મજા શું મળે? તે વખતે ચુપ થઇ જાય છે માટે હે ઉસ્તાદ સાહેબ તમોને ખુદા અને રસુલનો વાસ્તો આપું છું આ કામ કરવા જેવું છે માટે હીમ્મત કરી ખુદા ઉપર તવક્કલ કરીને આ કામ કરો.

ઉસ્તાદ–અરે બેટા તુતે મને શું શીખામણ આપે છે? તારા કરતાં વધારે અક્કલ છે, તને ખબર નથી? હાજી ગુલામઅલી હાજી ઈસમાઇલે પંદર વરસથી દીન ઇસલામની કીતાબો ગુજરાતીમાં છપાવવાનું કામ માથે લીધું છે, એમ તો ઇસલમનો દરીઓ છે; અને

અરબી ફારસી અને ઉરદુ હજારો કીતાબો છે, પણ જરૂરી જરૂરી બાબતની ઘણી કીતાબો ગુજરાતીમાં કરી છે, અને કુરઆને શરીફની તફસીર પણ ત્રણ ચાર વરસ સુધી સખત મેહનત ઉપાડીને હજારોનો ખરચ કરીને ગુજરાતીમાં છપાવા છે, પહેલે અરબી મ્હોટાં હરફોમાં આયતો, તેની પાછળ તેજ આયતો ગુજરાતી મ્હોટા હરફોમાં, અને અને દરેક આયતની નીચે ગુજરાતીમાં શબ્દી તરજુમો દરેક આયત- ની ખુલાસાથી તફસીર અને તાઅવીલ, અને અહલેબૈત અo ના ફઝાએલ વીo થી મ્હોટા ડબલ ૨૬૦૦ પેજમાં છાપી છે, કાગળ પણ ઊંચા અને જાડા વાપર્યા છે તેના દસ દસ સીપારાના ત્રણ ભાગ કર્યા છે, દરેક ભાગના ૨૧૦) છે, પણ અફસોસ અવી ઉમદા નેઅ- મત જેની મ્હોટી ખોટ હતી તે પુરી કરી તેની કદર બહુજ ઓછી છે, કેટલાંક તો અવા કામને ઉત્તેજન આપાવતા નથી, કેટલાક અ- મીરો એવા છે કે દરવરસે હજારો રૂપીયા કારેખેરમાં વાપરે છે, પણ તેના પાગા અને મુશીર એવા છે કે આ તરફ ધ્યાન પણ આપાવતા નથી, બલકે વાત નીકળે તો ઉડાડી મુકે છે, એ તમામ બાબતનો મતલબ તો સાહેબનજાતના ઉપીપતીની હક કલમ ચાલે છે તેની દુસમની છે, પણ તેથી દીનના કામમાં આડા પડીને પોતાની આકે- બત ગુમાવે છે, હા! જરા નાપસંદગી જેવી બાબત બની હોય તો હો! હો! હો! કરવા તો તૈયાર, જેમકે "આદાબે મુજામેઅત" નાગની એક કીતાબ છાપી હતી, તેમાં ખાસ કામના આદાબ, વખત, કઇ વખતે હરામ, મકરૂહ, સુન્નત, કઇ બાબતમાં અડચણ કે મનાઇ નથી વીo વીo જે વીશે કેટલાક ખાનગી પુછાવતા હતા અને કેટ- લાક શરમથી મનની મનમાં રાખતા હતા તેથી છપાવેલી પણ તે

વીશે શું શું કોશીશો થઇ કે જે જાહેર કરવાથી કાંઇ ફાયદો નથી, ખેર એતો ખુદાને મનજુર છે તેથી તેની મદદ કરે છે, અને તે ન કોઇની ખુશામત કરે છે ન હાજી હાજી કરે છે, લખોપતી હોય તોપણુ હક વાત સંભળાવે છે, નાટક ગાયન, નાચ રંગની પાછળ તો ઘોકો અને ધડકી લઇને લાગ્યો છે જેની હદ નથી, તે પંજેતને પાક અ૦ ની મદદથી દરેક કીતાબ પ્રગટ થવાનું લખે છે તેથીંજ તેઓ તેની મદદ કરે છે અને એજ મદદ ખરી અને મજબુત અને ઉમદા છે, બેટા આમાં તું કેટલાક સવાલ કરીશ, પણ તેની પહેલેંજ કહું છું કે કાંઇ પણ પુછીશ નહીં, તેની કાંઇ જરૂરત નથી બસ સબસે ભલી ચુપ.

શા૦—ઓહો આપે તો એવી વાત સુંભળાવી કે જેથી હું બહુજ ખુશ થયો, ગુજરાતીમાં આપણા માલીકનું ફરમાન, એતો મોટી નવાઇની વાત છે, ગામે ભાગ ગરીબ માણસ પંદર રૂપીયા મહીનો લાવે છે, તોપણુ તેને કહીને જેમ તેમ કરી રૂ ૩૦) લઇને તફસીર લઇશ, પણ જો તમે ખાનગી કાગળ લખીને કાંઇ ઓછું કરાવો તો સારૂ

ઊ૦—સાહેબજાતવાળો પૈસા લાલચુ કે ગુલામ નથી, તે પૈશાવાળા પાસેથી પાઇ પણ ઓછી લેતા નથી, પણ ગરીબોને નાઉમ્મેદ કરતો નથી જેમ કહીએ તેમ રાજી થઇ જાય છે, તે ગરીબ પાસેથી રૂ ૩) ઓછા લેવાનું છાપે છે, પણ તારી આવી ગરીબીની ખરી હકીકત હું લખીશ તો ખાત્રી છે કે રૂ૨૦) માં તને આપશે. તેમજ બીજી કીતાબો ગરીબને અરધી કીંમતે પણ આપે છે.

શા૦—જે લોક ગુનાહના કામ કરીને મરી જાય અને તે પસતાય તો પછી ત્યાં નેક કામ કરે તો થઈ શકે કે નહીં ?

ઊ૦–એમ થતું નથી, દુનીઆમાં પોતાની હયાતીમાં જેટલાં નેક કામ કરવાં હોય તેટલાં થઇ શકે, મરવા પછી કાંઈ થઇ શકતું નથી. પણ હા જો પછવાડા વાળા તેના માટે કાંઇ કારેખેર જેમકે સદકો કરવો નમાઝ પડવી કુરઆન પડવું મજલાસ કરાવવી એવા એવા નેક-કામ કરીને તે મરનારની રૂહને તેનો સવાબ બખશી આપે તો તેને મરવા પછી તેનો ફાયદો મળે છે.

શા૦–સદકો તે શું ?

ઊ૦–સદકો એટલે કંઇ પઇસા અથવા દાણા કપડાં વીગેરે કોઇ ગરીબ મોઅમીનને આપવું તેને સદકો કહે છે, તેમાં બહુજ આઝીમ સવાબ છે. અને સદકાથી બલા દુર થાય છે સદકાથી ઉમ્મરમાં વધારો થાય છે. પણ ખાનગી રીતે સદકો આપવામાં બહુજ સવાબ છે.

શા૦–તો સદકો ગરીબ મોઅમીનને આપીએ તો તેને કહેવું જોઇએ કે આ સદકો છે?

ઊ૦–ના કહે[illegible] જરૂરત નથી ફકત આપવું બસ છે.

શા૦—આપણે[illegible] પછવાડા વાળાઓને કહી જઇએ કે આ જે મારી દોલત[illegible]નાથી અરધી અથવા અમુક રકમ મારા માટે સદકો કરજો તો ઘણો સવાબ થાય ખરો ?

ઊ૦–કહેવત છે કે હાથે તે સાથે; તો હાથે કરીને પોતાની હયાતીમાં સદકો કરવો અને પાછળવાળા સદકો કરે તેમાં ઘણો ઝમીન આસમાન જેટલો ફેર છે, જેમકે હઝરતે રસુલે ખુદા સ૦ ના જમાનામાં એક શખસનો ગુજરવાનો વખત નજદીક થયો, તેણે હઝરતને બોલાવીને અરજ કરી કે યા હઝરત હું ગુજરી જાઉં તે

વખતે મારી પાછળ આ ખુરમાની વખાર છે તે તમામ સદકો કરી નાંખજો એમ કહીને તે ગુજરી ગયો; પછી તેની વસીયત મુજબ હઝરતે તે તમામ વખારનો ખુરમો પોતાના હાથે મુબારકથી સદકો કર્યો જ્યારે તે વખારનો ખુરમો ખલાસ થયો અને તેની અંદર બીછાવેલ ચટાઇ ઉપાડી તો તેની નીચેથી ખુરમાની એક પેશી દબાઈ ગીએલી, નીકળી તે વખતે હઝરતે ફરમાવ્યું કે આ મરનારે અગર પોતાની હયાતીમાં આ ખુરમાની પેશી સદકો કરી હતે તો જે પાછળ મેં તમામ વખાર સદકો કરી તેથી વધારે સવાબ મળતે, તો અએ ભેટા વીચાર કરકે હાથે સદકો કરવો અને પાછળવાળા સદકો કરે તેમાં કેટલો ફેર છે ? વળી તે સદકો તો હઝરતના હાથ મુબારકથી થએલો, તેમાં એટલો ફરક, તો બીજાના હાથે તો ઘણો ઓછો સવાબ મળે. વળી દુન્યાનો ફરેબ બહુજ ખરાબ છે કે પઇસા ભાળીને દીલ લલચાઇ જાય, તો વખતે પાછળવાળાની નીય્યત બદલાણી તો તે પણ ન થાય.

લી૦ નાજીની અરજ, ભુલ જો ..વ તો સુધારીને વાંચી સવાબ હાસીલ કરશો.

અમદાવાદ તા૦ ૧ મા ા આખર ૧૩૨૩.

✻ વસ્સલામ. ✻

ઈસ્લામી કીતાબો વી૦ નું ટુંક લીષ્ટ.

૧ કુરઆને શરીફની ઉમદા તફસીર અસલ અરબી ખુશનુમાં આયતો તેની પાછળ તેજ આયતો ગુજરાતી શોભીતા મોટા હરફમાં તથા તરજુમો તે પછી તફસીર તાવીલ વી૦ વી૦ થી ભરપુર મોટા ૨૬૦૦ પેજમાં કે જે રોયલ ૮ પેજી ૫૨૦૦ પેજ થયાં તેના દસ દસ સીપારાના ૩ ભાગ છે. પાકા પુંઠા સાથે પોસ્ટેજ રજીસ્ટર સુધ્ધા દરેક ભાગના રૂ ૧૦)= ત્રણે ભાગના રૂ ૩૦ા= આફ્રીકા વી૦ માટે પાંચ ભાગ કર્યા છે પોસ્ટેજના તથા બે પુંઠાના રૂ. ૪ા વધારે કુલ રૂ. ૩૪ા= હીંદુસ્તાનના પાંચ ભાગના રૂ. ૩૧ાા=

૨ અમ્માનો પારો—જેની અંદર ૩૭ સુરા છે, પહેલે અરબી ખુશનુમા હરફોમાં આયતો અને તેની પાછળ તેજ આયતો ગુજરાતી મોહટા શોભીતા ટાઇપમાં તેની નીચે ગુજરાતીમાં તરજુમો અને તે પછી તેની તફસીર છે હદીયો રૂ ૧ા પોસ્ટેજ ૦)ર આફ્રીકાના ૦ા=

૩ હદાકએ શ [illegible] માં ઉરદુ શીરીન ભાષા ગુજરાતી મોટા હરફમાં ૪૦ મજલીસો [illegible] પુંઠાની મોટા કદની છે. કીંમત રૂ ૧ા પોસ્ટેજ ૦)= [illegible] નો રૂ ૧) વધારે.

૪ શાહેનજાત માસી[illegible] [illegible] ઈસ્લામની બાબતો હીકાયતો હદીસો [illegible] [illegible] માં નીકળે છે જેનું ૧૩ મું વરસ ચાલે [illegible] ૨)

૫ નુરેઇમાન બે માસીક [illegible] ૫૦ ની મુસી[illegible] બતની રીવાયતો મરસીયા તથા [illegible] તથા માઅજીઝા [illegible] વી૦ ૩૨ પેજમાં ૧૧ મું વરસ [illegible] છે, વરસે રૂ ૧) આફ્રીકા ૧)ર શાહેનજાત ન લીએ તેનો રૂ ૦ા વધારે.

૬ **મેઅરાજુસ્સઆદાહુ** જેમાં ૬૦ની બીમારીયોનો ઇલાજ છે ભાગ ૧ લો પોસ્ટેજ સાથે રૂ૧॥= આફ્રીકા ૧॥।

(૭ રાહેનજાત ૪થી રૂ૧) ૮ રાહેનજાત ૫મી રૂ૧) ૯ રાહેનજાત ૬ઠ્ઠી રૂ૧)

૧૦ **આહુવાલુન્નીસા** ખાસ ઔરતોના અહવાલમાં કીસ્સા હીકા- યતો મસાએલ વી૦ ની પોસ્ટેજ સુધાં રૂ ૧।= આફ્રીકા વી૦ નો રૂ ૧॥

૧૧ **દુર્રેબેબહા** પંજેતને પાક નવ ઇમામ મળી ૧૪ માઅસુમ અ૦ ના અહવાલની પોસ્ટેજ સુધાં રૂ ૧।= આફ્રીકા વી૦ રૂ ૧॥

૧૨ **મખઝનુલ મસાએલ** જેમાં ખુદાની વહદાનીયત, સાબેતી અદાલત, ઇમામત, નબુવ્વત, ઇલમ વઝુ, ગુસલ નમાઝ, રોઝા હજ ઝકાત, ખુમસ, તથા મય્યતને લગતી કફન, દફન, ગુસલ જનાઝા વી૦ વી૦ ની બાબતો ઉંચા કાગળ વાળીનો રૂ ૧) હલકા કાગળ વાળીનો રૂ૦॥ પોસ્ટેજ ૦)= આફ્રીકાના રૂ૦। કાચા પુંઠાવાળી રૂ૦॥=

૧૩ **અહુરેગમ ૧૦** મરસીયા પોસ્ટેજ સાથે રૂ૦।૦॥

૧૪ **ઝાદુલઆખેરત** ૧૦ મજલીસની રૂ૦।= આફ્રીકાના રૂ ૦॥

૧૫ **માબાપના હકની કીતાબ** રૂ૦

૧૬ **સઝાએ**... ... બદલો લીધાનો અહવાલ રૂ૦।

૧૭ **નહુરેગ**... ...ચ મુનાજાત દોરૂદ વી૦ વી૦ રૂ ૦।

૧૮ **બા**... ...તીક કીસ્સો રૂ ૦।

૧૯ **મફા**... ...ાનની ઉરદુ ફરસી અને ઉરદુ ભાષામાં બાબા આફ્રીકા ... =

૨૦ **તબીબઅનસારીનો** ૨૨ ...ીસ્સો રૂ૦।

૨૧ **તવરૈતના** ૪૦ સુરાનો તરજુમો ૦)= પોસ્ટેજ ૦)॥

અમારી પણ

આ તમારો જુનં.
બનતા સુધી ગવી અવી
અરે લખીને છાપી આપે વા.
બીજી કાંઇ તો નહીં પણ એક ચોપાન્ય બાર
મહીને બે રૂપરડી ભરવી પડે તે પણ ઘણા જણ
ન લીયે તે કેટલી દીલગીરીની વાત છે? એટલુંજ
નહીં પણ તેથી કેવો કેવો અને કેટલો ફાયદો થયો
થાય છે અને હજી થશે તે સુર્યના જેમ રોશન છે.
મેં મારી નજરે જોયું છે કે સાત આઠ સડીગએલા
જેવા પાનાની ઢંગધડા વીના ની વાહીયાત જમાનને
ફળ પહોંચાડનારી ચોપડ

ખરચી

રાહ... ાત મા.

ગાં હોવા છતાં વધુ
ા માટે પણ તકસીર
ા નથી, ખેર